
मुक्तिमाळा

मणको १लो.



लेखक अने प्रकाशक-

कीर्तनकार हरिदास महाराज श्री शिवशंकर
गोविंदराम याज्ञिक नि० मोरबी ।

મૂલ્ય-વાંચન, મનન ને વર્તન.

ॐ

॥ तत्सत्परमात्मने नमः ॥

मुक्ति माळा

(મણકો ૧ લો.)

(૧)

પ્રભુ પાસે નિત્ય પ્રાર્થના.

મ્હારા સાચા સ્નેહિરે ખરી પતિ બાપલીયા. એ રાગ.

અમને ભક્તિ તમારીરે, દેજો દીન બંધુ સદા; (૨)
એજ અરજી અમારીરે, ધરજો હરિ ધ્યાને સદા—અમને ભક્તિ.
અમને સાચા હરિજનનોરે, દેજો હરિ સંગ સદા
મારા હૃદય કમળમાંરે, રે'જો ત્હેનો રંગ સદા—અમને ભક્તિ.
મ્હારી જીભ તે આપનોરે, જપે પ્રભુ જાપ સદા,
મ્હારે સ્વપ્ને પણ પાપનોરે, પ્રવેશ ન થાયે કદા—એવી ભક્તિ.
મ્હારી વાણી તે આપનુંરે, કરે ગુણ ગાન સદા,
પરનિંદા છે પાપનુંરે, કરે નહિં પાન કદા—એવી ભક્તિ.
મ્હારી આંખો તે આપનુંરે, કરે દર્શન સદા,
દુઃખ ત્રિવિધના તાપનુંરે, મને કલેશ નાપે કદા—એવી ભક્તિ.
મ્હારૂં મન જ્ઞાન ગંગામાંરે, કરે પ્રભુ સ્નાન સદા,
જ્યાં જ્યાં મન મ્હારૂં જાયેરે, તમારૂં ત્યાં ધ્યાન સદા—એવી ભક્તિ.
ખોટા ખ્યાલને ખેદનોરે, કરી નાંખો નાશ સદા
મ્હારી બુદ્ધિમાં ભેદનોરે, થાયે નહિં વાસ કદા—એવી ભક્તિ.
જંગલોમાં નિજાનંદરે, આપો એજ માગું સદા,
શિવશંકર શરણમાંરે, સ્થાપો એજ માગું સદા—અમને ભક્તિ.

(૨)

" સુબોધક સાવરણી "

(વ્હાલાજીના મહિનાનો રાગ)

સાવરણી સુણુ સાચે સાચી વાત રે સાવરણી;
તું ગુણવંતી થઇ વિશ્વ વિષે વિખ્યાત શાણી સાવરણી—સુણ.
લોક તણો ઉપકાર કરે બહુ પેરરે સાવરણી,
તેથી તુજને સંઘરતા ઘેરે ઘેર શાણી સાવરણી—સુણ.
હોયતે તું દીસે ન્હાની બાળરે સાવરણી,
પણ સુધરે તુજ હસ્તીથી મ્હેલ વિશાળ શાણી સાવરણી—સુણ.
કચરો કસ્તર કે ધુળ સદનમાં થાય રે સાવરણી,
દ્રષ્ટિ સૌ જનની તુજપર તરતજ જાય શાણી સાવરણી—સુણ.
ચોક અગાસી ગોખ ઝરૂખા માળ રે સાવરણી,
તું ઝપટ ઝપાટી સાફ કરે તત્કાળ શાણી સાવરણી—સુણ.
વસ્તુતઃ જોતાં બહુ ત્હારૂં નહિં મૂલ રે સાવરણી,
પણ કામણગારી ત્હારૂં કામ અમૂલ શાણી સાવરણી—સુણ.
સ્ત્રી જાતીથી ઓપે ઘર સંસારરે સાવરણી,
ત્યમ તું તુજ ગુણે ગૃહનો થઈ શણગાર શાણી સાવરણી—સુણ.
સ્ત્રી જાતથી બહુ ત્હારો વ્યવહારરે સાવરણી,
તો હિંન્દ તણી અબળાને કંઇક સુધાર શાણી સાવરણી—સુણ.
સ્વકર્મનો સુંદરીઓને કર બોધરે સાવરણી,
જો કરે ખરે તુજ સદ્ગુણની કોઇ શોધ શાણી સાવરણી—સુણ.

(૩)

પ્રેમીની પ્રાર્થના.

(સખી પડવાની પણ પ્રીત એ રાગ)

મ્હારા આતમના આધાર **અંતરયામીરે**
વિશ્વેશ્વર કરજો વ્હાર, કહું શીર નામીરે—મ્હારા
મ્હારા સાચા છો સંગી આપ, અંતરયામીરે,
બુડતાના બેલી છો આપ, હે બહુ નામીરે—મ્હારા.
કીધા અનંત આપે ઉપકાર, અંતરયામીરે,

આપ્યો ઉત્તમ આ અવતાર, કહું શીર નામીરે—મ્હારા.
મને એવું બળ આપો આપ, હે બહુ નામીરે
જપું પળ પળ આપનો જાપ, અંતરયામીરે—મ્હારા.
મ્હારા વિષયના વેગે વિકાર, જાયે વામીરે,
એવી કરજો કૃપા કીરતાર, કહું શીર નામીરે—મ્હારા.
મેલાં ઘેલાં પણ આપનાં દાસ, અંતરયામીરે,
દેજો ચરણ કમળમાં વાસ, કહું શીર નામીરે—મ્હારા.
કદી ભકિત ભજનમાં હે નાથ, આવે છે ખામીરે,
નથી આપથી કાંઇ અજાણ, અંતરયામીરે—મ્હારા.
મ્હારા માતા પિતા ભ્રાતા આપ, અંતર યામીરે
ભવતારક ત્રાતા છો આપ, કહું શીર નામીરે—મ્હારા.
મ્હારો આવે જ્યારે અંતકાળ, અંતરયામીરે
દેજો દર્શન દીન દયાળ, કહું શીર નામીરે—મ્હારા.
શ્રી કૃષ્ણ કાપો ભવફંદ, કહું શીર નામીરે
માગું નિત્ય આપો નિજાનંદ હે બહુ નામીરે—મ્હારા.

(૪)

દિવ્ય પ્રેમ.

ભજન—લાવણી

બલીહારી રસીયા ગીરધારી સુંદીર શ્યામ હો તજી અમને
મથુરાનાં વાસી આવા ન બનીએજી.
વાંસલડી વાગી એવા ભણકારા વાગેજી.
વ્રજ વાટ લાગે હવે ખારી—સુંદીર શ્યામ હો.
યમુનાનો કાંઠો વ્હાલા તમ વિના અમનેજી,
દુઃખડાં દીએ છે દાડી દાડી—સુંદીર શ્યામ.
વૃંદાવન કેરી શોભા તમ વિના અમનેજી,
અકળાવી દે છે ભૂધર ભારી—સુંદીર શ્યામ.
ગોવર્દ્ધન તોળ્યો તમે ટચલી આંગળીએજી.
અમ પર ઢોળ્યા ગીરધારી—સુંદીર શ્યામ.
બાઇ મીરાં કહે છે વ્હાલા ગીરધારના ગુણજી.
ચરણ કમલ બલીહારી—સુંદીર શ્યામ.

(૫)

રાગ—માઢ શીદ કલ્પાવો સતાવો ના જેવો.

અવતારી છો ગીરધારી તમ પરવારી હો સુખકારી સુંદીર શ્યામ.
વ્રજનારી સર્વે વિસારી લ્યે છે કુંજે વિહારી નિત્ય તમારૂં નામ.
મધુવનમાં ગૌવનમાં ગોપનમા મુની જનમાં અંગનમાં દીપો છો આપ
દરશનમાં પરશનમાં મધુરી મુખ લાવનમાં તન મનના ટાળો છો તાપ
—અવતારી.

પાવાથી ગાવાથી સાને સમજાવાથી ન્હાવાથી જમુનાના નીર
ઝટપટ બોલાવાથી વશ કીધાં જાવાથી, ખાવાથી ચોરીને ખીર
—અવતારી.

ખળમાંથી છળમાંથી કળમાંથી જળમાંથી હાથી રાખ્યો હુશીયાર
તળમાંથી થળમાંથી કૌરવનાં દળમાંથી, પાંડવનો ઉદ્ધાર
—અવતારી.

દુઃખ હરવા સુખ કરવા ફરી નહિં અવતરવા, રંકની સુણજો રાવ,
ચિત્ત ઠરવા કૃત સરવા જમડાથી નહિં ડરવા, ભવ તરવા પિંગલ ભાવ
—અવતારી.

(૬)

ઇશ્વર એકજ છે.

ભજન—તાલખીમટો.

ભાઈ નામ સમજીને બેસી રહીએ-(૨)
આત્મા ચીની મનમાં મગન થઇ રહીએ—ભાઇ નામ.
રામને રહીમ તમે એક કરી માનજો, કૃષ્ણને કરીમ એક કહીએ,
વિષ્ણુ બીસમીલ્લાહમાં ભેદ નથી ભાઇ, અમે અલ્લાહ અલખ
એક લઇએ—ભાઇ નામ.
ગફુર ગોવિંદ તમે એક કરી માનજો, મોલા માધવ ગુણ ગાઈએ,
હરિ હક્કતાલાને ભેદ મેં તો જાણ્યો, હવે લક્ષ ચોરાશી માર
શીદ ખાઇએ—ભાઈ નામ.
પરવર દીગાર પરમેશ્વર એક કરી જાણજો, નબી નારાયણ જોજો હઇએ

ઓખા ને આવલ પણ ડાંગર એક, એવું સમજી ત્હેના ચેલા
થઈને રહીએ—ભાઈ નામ.
બાપુ સાહેબ નામ પાક બીજું નાપાક એવું સમજ્યા વિના કયાં જઈએ
જે જે સાધન કરે ત્હેમાં પડે છે સાંસા અમે બ્રહ્મજળમાં નિત્ય
ન્હાઈએ—ભાઈ નામ.

(૭)

જીવ પોપટને પ્રબોધ.

(ભજન–માઢનોરાહ–લાવણી.)

પોપટ તન પીંજર છે નહિં ત્હારૂં
અંતે ઉડી જવું પર બારૂં—પોપટ.
છે પરનું પણ પરિચયથી તું માની બેઠો મ્હારૂં,
કયાંનો તું કયાંનું આ પિંજર, તે સમજે તો સારૂં—પોપટ.
માંસ રૂધિરમય ને દુર્ગંધી, નરક સમાન નઠારૂં,
તું તેને કાંચન મય માને, આવડું શું અંધારૂં—પોપટ.
બીજાં જોયાં એવું આપણું, નામે કેવલ ન્યારૂં,
સર્વ પ્રકારે સાચવ તોપણ, પલમાં છે પડનારૂં—પોપટ.
સારાસાર વિચાર કરે તો, ભવસાગરનું બારૂં
કેશવ હરિ કારીગર તેનો, વીસરમાં સંભારૂં—પોપટ.

(૮)

કળિયુગનું કૌતક.

(ભજન–લાવણી)

વાલ્મીક ઓર તુલશી કહ ગયે કલજુગ આવેગા–ટેક.
બેટીકા ધન બાપ ખાયગા, જુલ્મીકા ઘર જાવેગા,
પાંચ બરસકી કન્યા કહીએ, એંશી બરસ ઘર જાવેગા–વાલ્મીક.
બમન કે ગકરી કહીએ ઘોબી ગોઆમાં બાંધેગા,
બ્હેન ભાનજી કહેન નોતે, સાલીનોત જમાવેગા–વાલ્મીક.
નીચ બરનઘર હરદમ જાકર હર કોઇ શીશ નમાવેગા,
કહેત કબીરા સુનભાઇ સાધુ, ઐસા ઐસા યુગ આવેગા–વાલ્મીક.

(૯)

ભક્તાધીન ભગવાન

ભજન–લાવણી.

ભક્તિ મહા બળવંતી રે, વ્હાલો વશ થઇ આવે ઘેર—ભક્તિ.
ભક્તિને વશ થઇને વ્હાલો, વસીયા ગોકુળ ગામ, (૨)
આહીરડાંને લાડ લડાવ્યાં, એવા સુંદર શ્યામ—ભક્તિ.
વેદ પુરાણ પોકારે હરિનું, પતિત પાવન નામ,
પાંચ પાંડવની સાથે રહીને, સઘળાં કીધાં કામ—ભક્તિ.
અમરીષ તો હેતે અવતરીયા, ભકતન કેરે ઘેર,
રઘુનાથ પ્રભુ પામ્યા કેરી, એ પૂરવની પેર—ભક્તિ.

(૧૦)

નામામૃત

અખંડ ધુન.

ફરી ફરી નહિં મળે અવસર આવો, વૈષ્નવો હરિ ગાવો હરિ ગાવો (૨)
જેણે હરિ ગાયા હરિ ગાયા, એતો અડસઠ તીરથ ન્હાયા જેણે (૨)
જેને હરિ વ્હાલા હરિ વ્હાલા, એતો માનો મોટા ભાગ્યવાળા (૨)
ધન્ય ધન્ય દ્વારિકાવાસી કે ડાકોર કીધું છે કાશી—(૨)
ધન્ય ધન્ય ગંગાબાઇની વાળી સવા વાલ થયા વનમાળી (૨)
ધન્ય ધન્ય બોડાણાને ભાવ્યા, દ્વારિકા છોડી ડાકોર આવ્યા (૨)
જેની લગની હરિમાં લાગી, ત્હેની ભવની ભાવટ ભાંગી,
હરિહર એક ગણ્યાં જે ગણશે, ત્હેનો વાસ વૈકુંઠમાં થાશે.

(૧૧)

જાગી જોવા વિષે ચેતવણી.

ભજન–રાગ અમને અંત સમે અલબેલાના જેવો.

જોને જોને જાગી જીવન વીતી જાય છે રે
મિથ્યા માયામાં શું ઠાલો ઠોઠ ઠગાય છે રે ?—જોને.
ધામ ધરા ધન ક્યાં છે તારાં, પીડા કરનારાં છે ન્યારાં
અંતે તે છે ન્યારાં કોણ સહાય છે રે ?—જોને.
મારૂં મારૂં મિથ્યા કરતો, કુલણજી થઇને તું ફરતો,

સ્વાર્થ નથી લવ . સરતો, ઉંધો ધાય છે રે ?—જોને.
અંધ થઈ અવળો આથડતો, જ્યાં ત્યાં ઠોકર ખાતો પડતો
હર્ષ શોકથી રડતો, બહુ રગડાય છે રે;—જોને.
આ જંજાલ કરી દે અળગી, વ્હાલા કેમ રહ્યો છે વળગી,
ઘર ઉઠયું છે સળગી શું મરડાય છે રે ?—જોને.
વિષયોમાં રમ શું રઘવાયા એથી કોઈ નથીજ ધરાયા,
દોષ દ્રષ્ટિથી ડાહ્યા, શાંત થવાય છે રે;—જોને.
અમૃત જે લાગે છે આગળ, તે વિષરૂપ બને છે પાછળ,
છટકેલા છલ કપટ વડે છંદાય છે રે;—જોને.
દુઃખદ આ સંસાર ઠર્યો છે, વિનય વિવેક વિચાર કર્યો છે.
સમજે તેજ તર્યો છે, ઇતર તણાય છે રે;—જોને.
શમ-દમ સાધન સુખનાં સજવાં, કામ—ક્રોધ—લોભને તજવાં,
કેશવ હરિને ભજવા, એજ ઉપાય છે રે;—જોને.

(૧૨)

ભક્તિમાં શરમન કરવા વિષે.

ભજન—તાલ લાવણી.

વરમાળા તો વિઠ્ઠલ વરની, હુંટે છેડે ફરીએરે રાણાજી.
વર તો વિઠ્ઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ
લાજો કોની ધરીએ અમે તો કોના મલાજા કરીએરે રાણાજી.
વર તો વિઠ્ઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએરે રાણાજી.
કાગડાની બુદ્ધિ કાઢી નાંખી, માણેક મોતી ચરીએરે રાણાજી.
વર તો વિઠ્ઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએ
સોનાં રૂપાં સઘળાં તજીએ, તીલક તુલસી ધરીએરે રાણાજી.
વર તો વિઠ્ઠલ વરને વરીએ, કહોને લાજ કોની ધરીએરે રાણાજી.
ચીર પટોળાં સંઘળાં તજીએ, ધોળાં અંગે ધરીએરે રાણાજી.
વર તો વિઠ્ઠલ વરને વરીએ, કહોને લાજ કોની ધરીએરે રાણાજી
શાલીગ્રામની સેવા કરીએ, સંત સમાગમ કરીએરે રાણાજી.
વર તો વિઠ્ઠલ વરને વરીએ, કહોને લાજ કોની ધરીએરે રાણાજી.
હરતાંને ફરતાં હરીને સ્મરીએ, સંતની સાથે ફરીએરે રાણાજી.

વર તો વિઠ્ઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએરે રાણાજી.
બાઇમીરાં કહે પ્રભુ ગીરધરના ગર ચરણુ કમલ ચિત્ત ધરીએરે રાણાજી.
વર તો વિઠ્ઠલ વરને વરીએ, સુણોને લાજ કોની ધરીએરે રાણાજી.

(૧૩)

॥ કુભારજાની કહાણી. ॥

(ચાળખો.)

મૂરખે નાર કુભારજા આણીરે, એનું ઘર કર્યું ધુળધાણી—ટેક.
પાંચ માણાની લાપસી ભરડી, માણાની ભુંજી ધાણી;
ઘીના ઘાણીયા ઢાળી નાખ્યાં દુધમાં રેડ્યું પાણીરે—મુરખે.
નાર પરભે વઢવાડ કરેને, કલેષ કરે જાણી જાણી.
છોકરાંને માથે છણુકા કરે ને, ચુંટીઓ લે તાણી તાણીરે—મૂરખે.
બરે બપોરે રસોઇ બનાવે ને, રાતે જાતી પાણી.
ટાઢું શીળું કંથ આગળ નાંખે, ઉપર જાતાં રીસાણીરે—મૂરખે.
પડીમાં પાડી આંખ આંજીને આથડે, સાસરે પીયર ન સમાણી
લાલે ભગત કહે ગુરૂ પ્રતાપે, ઉતરેલ નાર આંઇ આણીરે—મૂરખે.

(૧૪)

ભજન—કનાઓ

(તાલ લાવણી)

જીવ અંતકાળનું ભાતું, શું સાથે લીધું તાતું—ટેક.
ગામ ગમતરે બે દીન રહેવા, ભાતું સુંદર થાતું,
અંતકાળ ગામતરે ભાતું, જે લીધું તે ગાતું—જીવ
મરણ મહા ગામતરૂં જાણી, ઝાઝું ભાતું રહાતું
તે ભાતું ત્યાં કામ આવશે, તે વિણ પડશે લાતું—જીવ.
અંતકાળ ભાતું રહાતું તો, હરિચરણમાં ધાતું
ભજી ભગવાન હરિરસ પીને, જગત સુખ કર જાતું—જીવ.

श्री कृष्णार्पण शिवार्पणमस्तु.

ॐ शांतिः शांतिः शांतिः